જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૯ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૦૬/૨૦૨૫**

કાલુપુરઃ જયેશભાઇ કિશોરભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે. શ્યામા અવિરાઇ કલ્યાણ ચોક નવા નરોડા નિકોલ રોડ) એ તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૨૪/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રતનપોળ મરચી પોળ જૈન ધર્મશાળા ખાતે પટેલ મહેન્દ્રભાઇ અરવિંદકુમાર કુ. નામની આંગડીયા પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતા આરોપી હાર્દીક ગોપાલભાઇ પટેલ (રહે. સત્વશ્રી ગોલ્ડ ફ્લેટ વેદાંત ઇન્ટરનેશનલ સ્કુલ નિકોલ) એ આંગડીયા પેઢીમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦,૦૦૦/– ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.સીંઘી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૦૭/૨૦૨૫**

સાબરમતીઃ અમીત પ્રતાપસિંગ રાજપૂત (રહે.સવોત્તમનગર સોસાયટી ગેટ નંબર–૦૧ ન્યુ રેલવે કોલોની પાસે સાબરમતી) એ તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૫ થી તા.૧૯/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રાડો કંપનીની ઘડીયાળ મળી કુલ કિમત રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૮/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ શ્રુતીબહેન વા/ઓ સ્મીતભાઇ શાહ (ઉ.વ.૩૩)(રહે.રૂદ્રા સ્કવેર ગોરમો હોટલની બાજુમા, જીજીસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ) તા.૨૫/૦૮/૨૦૨૫ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે પોતાનું સ્કુટર ચલાવી બોડકદેવ દ્વારકેશ એપાર્ટમેન્ટના ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ શ્રુતીબહેનના ગળામાથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૬૫,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શ્રુતીબહેન શાહ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

ચાંદખેડાઃ ચાંદખેડા ટી.પી.૭૪ રાજીવનગર ખાતે હરેશભાઇ દંતાણી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૫ રાતના ૧૧/૩૦ થી તા.૨૬/૦૮/૨૦૨૫ સવારના ૭/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પાંડે ચલાવે છે.

ઇસનપુરઃ શૈલેન્દ્રસિંગ સ/ઓ દરબારીસિંગ ઠાકુર (ઉ.વ.૨૯)(રહે.જસ્મીન પટેલના હોસ્પિટલની બાજુની ચાલીમાં, સરદાર ચોક, વિશાલનગર ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા ઇસનપુર સ્મશાનમાં આવેલ બેઠક હોલના પાછળના ભાગે લોખંડની જાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નાશીરહુસેન આસીફહુસેન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી